દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ/2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 79 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ચૈત્ર સુદ-૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 April 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૪ એપ્રિલ ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
મેટિની પૂર્તિ ૭ ૮ ૯ ૧૦
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# વક્ફ ખરડોઃ રાજ્યસભામાં મોડી રાત સુધી ચર્ચા જારી

નવી દિલ્હીઃ વક્ફ સુધારિત ખરડો લોકસભામાં પસાર થયાબાદ ગુરુવારે રાજ્યસભામાં રજૂ કરવામાં આવ્યો હતો. પણ, આ લખાય છે ત્યારે રાતના ૧૨.૩૦ સુધી શાસક પક્ષ અને વિપક્ષના સંસદ સભ્યો દ્વારા ચર્ચા જ ચાલી રહી હતી અને વોટિંગ શરૂ થયું નહોતું.

## મણિપુરમાં રાષ્ટ્રપતિશાસનને લોકસભાએ બહાલી આપી

નવી દિલ્હીઃ મણિપુરમાં રાષ્ટ્રપતિશાસન લાદવા માટેનો ઠરાવ ગુરુવારે લોકસભામાં સર્વસંમતિથી પસાર કરાયો હતો.

ઠરાવને વિરોધ પક્ષોએ પણ ટેકો આપ્યો હતો અને ઇશાન ભારતના આ રાજ્યમાં શાંતિ સ્થાપવા જરૂરી દરેક પ્રકારનાં પગલાં લેવાની સરકારને વિનંતિ કરી હતી.કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે દાવો કર્યો હતો કે મણિપુરમાં છેલ્લા ચાર મહિનાથી હિંસાની કોઇ મોટી ઘટના નથી બની.તેમણે જણાવ્યું હતું કે મણિપુરમાં વાંશિક હિંસા બંધ કરાવીને ત્યાં શાંતિ સ્થાપવા કેન્દ્ર સરકાર બનતી દરેક પ્રકારની કાર્યવાહી કરી રહી છે. (એજન્સી) ■

## ભાજપે મમતાના રાજીનામાની માગ કરી

કોલકાતાઃ પશ્ચિમ બંગાળ ભાજપે ગુરુવારે લગભગ ૨૬૦૦૦ શિક્ષકની 'દુર્દશા' માટે મુખ્ય પ્રધાન મમતા બેનર્જીના રાજીનામાની માગ કરી હતી જેમની નોકરીઓ સુપ્રીમ કોર્ટ દ્વારા અમાન્ય કરવામાં આવી હતી.સર્વોચ્ચ અદાલતે ગુરુવારે પશ્ચિમ બંગાળમાં રાજ્ય સંચાલિત અને રાજ્ય-સહાયિત શાળાઓમાં ૨૫,૭૫૩ શિક્ષક અને અન્ય કર્મચારીઓની નિમણૂકને અમાન્ય ઠેરવી હતી, તેમની પસંદગી પ્રક્રિયાને 'નિંદિત અને કલંકિત' ગણાવી હતી.ભાજપના રાજ્ય અધ્યક્ષ અને કેન્દ્રીય શિક્ષણ રાજ્ય પ્રધાન સુકાંત મજુમદારે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ''શિક્ષક ભરતીમાં આ મોટા પાયે ભ્રષ્ટાચારની એકમાત્ર જવાબદારી રાજ્યના નિષ્ફળ મુખ્ય પ્રધાન મમતાની છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાએ સ્પષ્ટ કર્યું છે કે, મમતા બેનર્જીના શાસનમાં, પશ્ચિમ બંગાળમાં શિક્ષિત બેરોજગાર યુવાનોની યોગ્યતા પૈસાના બદલામાં કેવી રીતે વેચવામાં આવી હતી! ■

## ગ્રીક ટાપુ નજીક બોટ પલટતાં મહિલા અને બાળકો સહિત સાતનાં મોત

એથેન્સઃ તુર્કીના દરિયાકાંઠાની નજીકના ગ્રીક ટાપુ પર સ્થળાંતર કરનારાઓને લઈ જતી બોટ પલટી જવાથી બે બાળક સહિત સાત લોકોનાં મોત થયાં છે, જ્યારે ૨૩ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા, એમ ગ્રીસના કોસ્ટ ગાર્ડે ગુરુવારે જણાવ્યું હતું.લેસ્બોસ ટાપુના ઉત્તરી કિનારે શોધ અને બચાવ કામગીરીમાં બે મહિલા અને બે બાળક સહિત સાત મૃતદેહ મળી આવ્યા હતા, એમ કોસ્ટ ગાર્ડે જણાવ્યું હતું. આ વિસ્તારમાં હવામાન સારું હોવાની જાણ કરવામાં આવી હતી, અને ગુરુવારે વહેલી સવારે બોટ પલટી ખાઈ જવાનું કારણ શું હતું તે અસ્પષ્ટ હતું. નૌકા પર સવાર લોકોની કુલ સંખ્યા, તેમની રાષ્ટ્રીયતા અથવા તેઓ કેવા જહાજનો ઉપયોગ કરી રહ્યા હતા તે અંગે કોઈ તાત્કાલિક માહિતી મળી નથી. કોસ્ટ ગાર્ડનાં ત્રણ જહાજ, એર ફોર્સનું હેલિકૉપ્ટર અને નજીકની બોટ સાથે સંભવિત વધુ પીડિતોની શોધમાં સમુદ્ર અને જમીન પર શોધ અને બચાવ કામગીરી ચાલુ હતી. મધ્ય પૂર્વ, આફ્રિકા અને એશિયામાં સંઘર્ષ અને ગરીબીમાંથી ભાગી રહેલા લોકો માટે ગ્રીસ એ યુરોપિયન યુનિયનમાં પ્રવેશવાનાં મુખ્ય સ્થળોમાંનું એક છે, જેમાં ઘણા લોકો તુર્કીના દરિયાકાંઠેથી નજીકના ગ્રીક ટાપુઓ સુધીની ટૂંકી પરંતુ ઘણી વખત ઘાતક મુસાફરી કરે છે. ઘણા લોકો બિનસલાહભર્યા અથવા ખરાબ હવામાનમાં બહાર નીકળ્યા હોય છે અને જીવલેણ અકસ્માતો સામાન્ય છે. ગ્રીક સરકારે દરિયામાં પેટ્રોલિંગમાં વધારો કર્યો હોવાથી ઘણા દાણચોરોએ આફ્રિકાના ઉત્તરીય કિનારેથી લોકોને દક્ષિણ ગ્રીસમાં લઈ જવા માટે મોટી બોટનો ઉપયોગ કરીને તેમની કામગીરી દક્ષિણ તરફ ખસેડી છે. ■

# અમેરિકાના 'ટેરિફ બૉમ્બ'થી અનેક દેશ નારાજઃ વળતાં પગલાં લેવાની તૈયારી

▸ અમેરિકામાં કારખાનાં ફરી ધમધમશેઃ ટ્રમ્પ ▸ મૂડીબજાર, ઓઈલ, બિટકોઈન પર માઠી અસર



બેંગકોકઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે અમેરિકામાં આયાત કરાતા વિવિધ માલસામાન અને ખાદ્યસામગ્રી પર ટેરિફ વધારવાને લીધે અમેરિકામાં સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન મળશે, કારખાનાં ફરી ધમધમશે અને રોજગારીની વધુ તક ઊભી થશે.

દરમિયાન, અમેરિકાએ વિદેશી માલની આયાત પર વધારેલા ટેરિફથી અનેક દેશે નારાજગી વ્યક્ત કરી હતી અને વળતાં પગલાં લેવાની જાહેરાત કરી હતી, જ્યારે કેટલાક દેશે હાલમાં 'થોભો અને રાહ જુઓ'ની નીતિ અપનાવવાનું નક્કી કર્યું હતું.

ટ્રમ્પે વિવિધ દેશમાંથી અમેરિકામાં આયાત કરાતા માલસામાન પર ૧૦ ટકાથી લઇને ૪૯ ટકા સુધીની ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી.

ટ્રમ્પની ટેરિફને લગતી જાહેરાતને લીધે બીજા દિવસે નાણાં-બજારે આંચકો અનુભવ્યો હતો. અમેરિકામાં ગુરુવારે વાયદા-બજાર ત્રણ ટકા નીચે ગયું હતું. એશિયાના દેશોમાં ટોક્યોનું શૅરબજાર સૌથી વધુ નીચે ગયું હતું.

ખનિજ તેલના ભાવમાં બેરલ દીઠ બે ડૉલર કરતાં વધારે ઘટાડો થયો હતો અને બિટકોઇનના ભાવમાં ૪.૪ ટકાનો કડાકો બોલ્યો હતો.

ચીને તુરંત અમેરિકાથી પોતાને ત્યાં આયાત કરવામાં આવતી ચીજો પરના ટેરિફમાં વધારો કરવાની જાહેરાત કરી હતી.

અમેરિકા દ્વારા ચીનથી આયાત કરાતા ૪૩૮ અબજ ડૉલરના માલસામાન પર ૩૪ ટકા ટેરિફ લાદવામાં આવી છે અને ચીને 'જેવા સાથે તેવા'ની નીતિ અપનાવવાની જાહેરાત કરી હતી.

ચીનના વાણિજ્ય મંત્રાલયના પ્રવક્તાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું હતું કે ચીન પોતાના અધિકાર અને હિતના રક્ષણ માટે અમેરિકાના માલસામાન પરની ટેરિફ વધારીશું.

બ્રાઝિલની સરકારે જણાવ્યું હતું કે અમે અમેરિકા દ્વારા ટેરિફ વધારવાનો મુદ્દો વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશનમાં ઉઠાવીશું.

બ્રાઝિલની કૉંગ્રેસ (સંસદ)એ અમેરિકાની સામે વળતાં પગલાં લેવા માટે ઠરાવ પસાર કર્યો હતો.

ઑસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થની અલ્બાનેસે જણાવ્યું હતું કે અમેરિકાએ વધારેલી ટેરિફ બિનજરૂરી છે.

ન્યૂ ઝીલૅન્ડના વેપાર-વાણિજ્ય વિભાગના પ્રધાન ટોડ મેકક્લેએ જણાવ્યું હતું કે અમે અમેરિકાથી આયાત કરાતા માલસામાન પર ૨૦ ટકા ટેરિફ નથી લાદતા. જો અમે ટેરિફ વધારીશું, તો તેનો આર્થિક બોજ ન્યૂ ઝીલૅન્ડની જનતા પર જ પડશે.

કેનેડાએ અમેરિકાથી આયાત કરાતી સાધનસામગ્રી અને અન્ય ચીજો પર પચીસ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી દીધી હતી.

મેક્સિકોનાં પ્રમુખ ક્લાઉડિયા શેઇનબામે જણાવ્યું હતું કે અમે અમેરિકાના આ પગલાંની અસર જોઇશું અને વળતાં પગલાં લઇશું.

કોલમ્બિયાના પ્રમુખ ગસ્તાવો પેટ્રોએ જણાવ્યું હતું કે એક બાજુ વિશ્વમાં મુક્ત વેપારની વાત કરાય છે, જ્યારે બીજી બાજુ અમેરિકા આયાત પર ટેરિફ વધારી રહ્યું છે.

ઇટલીના એક રાજકીય નિષ્ણાતે જણાવ્યું હતું કે મોટા ભાગના દેશ અમેરિકા સાથે 'જેવા સાથે તેવા'ની નીતિ અપનાવશે. યુરોપના અનેક દેશ અમેરિકાના માલસામાન પર ટેરિફ વધારશે. ટ્રમ્પ માત્ર દબાણની ભાષા જ સમજતા લાગે છે.

બ્રિટનના વેપાર વાણિજ્ય પ્રધાન જોનાથન રેનોલ્ડ્સે જણાવ્યું હતું કે અમેરિકા અને બ્રિટન વેપારમાં સારા ભાગીદાર છે, પરંતુ બ્રિટન પોતાના હિતના રક્ષણ માટે જરૂરી કાર્યવાહી કરશે.

ઇટલીનાં વડાં પ્રધાન જ્યોર્જિયા મેલોનીએ જણાવ્યું હતું કે ટ્રમ્પે યુરોપિયન યુનિયનના માલસામાન પર ૨૦ ટકા ટેરિફ લાદવાનું લીધેલું પગલું ખોટું છે અને તેનાથી કોઇને લાભ નહિ થાય.

અમેરિકા ખાતે માલસામાન અને અન્ય ચીજોની નિકાસમાં એશિયાના દેશો આગળ પડતું સ્થાન ધરાવતા હોવાથી સૌથી વધુ અસર તેઓ પર પડવાની છે.

દક્ષિણ કોરિયાના વડા પ્રધાન હાન ડક-સુએ જણાવ્યું હતું કે અમે કોરિયાના લોકોના હિતાર્થે જરૂરી કાર્યવાહી કરીશું. (એજન્સી)



**માવઠુંઃ** હૈદરાબાદમાં માવઠાને લીધે નીચાણવાળા વિસ્તારમાં ભરાયેલા પાણીમાંથી પસાર થતા લોકો. (પીટીઆઇ)

# સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળની શાળાઓમાં ૨૫,૭૫૩ શિક્ષક અને અન્ય કર્મચારીઓની નિમણૂકને રદ કરી

નવી દિલ્હીઃ પશ્ચિમ બંગાળ સરકારને મોટો ઝટકો આપતા, સુપ્રીમ કોર્ટે ગુરુવારે રાજ્ય સંચાલિત અને રાજ્ય સહાયિત શાળાઓમાં ૨૫,૭૫૩ શિક્ષક અને અન્ય કર્મચારીઓની નિમણૂકને અમાન્ય ઠેરવી હતી અને સમગ્ર પસંદગી પ્રક્રિયાને ''ખરાબ અને કલંકિત'' ગણાવી હતી.

ભારતના મુખ્ય ન્યાયાધીશ (સી જે આઇ) સંજીવ ખન્ના અને ન્યાયાધીશ સંજય કુમારની બનેલી બેંચે બાવીસ એપ્રિલ, ૨૦૨૪ના રોજ કલકત્તા હાઈ કોર્ટના ચુકાદાને સમર્થન આપ્યું હતું, જેમાં નિમણૂકોને રદબાતલ કરવામાં આવી હતી અને તૃણમૂલ કોંગ્રેસની આગેવાની હેઠળની રાજ્ય સરકારને ત્રણ મહિનાની અંદર નવી પસંદગી પ્રક્રિયા શરૂ કરવાનો આદેશ આપ્યો હતો.

સી જે આઇ એ કલકત્તા હાઈકોર્ટના ચુકાદાને લગતી ૧૨૭ જેટલી અરજીઓ પર ચુકાદો જાહેર કરતી વખતે જણાવ્યું હતું કે ''અમારા મતે, આ એવો કેસ છે કે જ્યાં સમગ્ર પસંદગી પ્રક્રિયા નિરાકરણની બહાર ક્ષતિગ્રસ્ત અને કલંકિત છે. મોટા પાયે મેનીપ્યુલેશન્સ અને છેતરપિંડી, ઢાંકપિછોડો કરવાના પ્રયાસો સાથે, પસંદગી પ્રક્રિયાને આગળ ધપાવી છે.''

''પસંદગીની વિશ્વસનીયતા અને કાયદેસરતા પાતળી છે, અને તે મુજબ, અમારે તેને (ઉચ્ચ અદાલતનો આદેશ) કેટલાક ફેરફારો સાથે કાયમ રાખવા પડશે.'' સી જે આઇ એ એમ પણ કહ્યું હતું કે જે કર્મચારીઓની નિમણૂક રદ કરવામાં આવી છે તેમને તેમના પગાર અને અત્યાર સુધી મળેલી અન્ય વેતન પરત કરવાની જરૂર નથી.

જો કે, તેણે માનવતાના ધોરણે અમુક વિકલાંગ કર્મચારીઓ માટે છૂટછાટ આપી હતી અને કહ્યું હતું કે તેઓ નોકરીમાં રહેશે.

ખંડપીઠે સીબીઆઈ તપાસ માટે હાઈ કોર્ટના નિર્દેશને પડકારતી પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા દાખલ કરાયેલી અરજી સહિતની અરજીઓ ૪ એપ્રિલે સુનાવણી માટે નક્કી કરી હતી.

વિગતવાર ચુકાદાની રાહ જોવાઈ રહી છે.

૧૦ ફેબ્રુઆરીના રોજ, સુપ્રીમ કોર્ટે આ મામલે અરજીઓના બેચ પર પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો અને કહ્યું હતું કે જેમને ખોટી રીતે નોકરી મળી છે તેઓને બહાર ફેંકવામાં આવી શકે છે.

## પશ્ચિમ બંગાળમાં શિક્ષકોની નિમણૂકને રદ કરતો સુપ્રીમ કોર્ટનો ચુકાદો

મમતા કહે છે કે સ્વીકાર્ય નથી, પરંતુ અમલમાં મૂકીશું

કોલકાતા : પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનર્જીએ ગુરુવારે કહ્યું હતું કે હું ન્યાયતંત્ર માટે સૌથી વધારે ગર્વ કરું છું, પરંતુ શાળાના શિક્ષકોની નિમણૂકના ગરેકાયદે ગણાવતા સર્વોચ્ચ અદાલતના ચુકાદાને સ્વીકારી શકતી નથી.

સર્વોચ્ચ અદાલતે સરકારની અને રાજ્યના અનુદાનથી ચાલતી સ્કૂલોમાં ૨૫,૭૫૩ શિક્ષકો અને બીજા કર્મચારીની નિમણૂકને ગેરકાયદે ઠરાવી હતી.

મમતાએ પત્રકાર પરિષદને સંબોધતાં કહ્યું હતું કે હું ન્યાયપાલીકા અને ન્યાયમૂર્તિઓ માટે સર્વોચ્ચ આદર રાખું છું. હું આ ચુકાદો માનવતાની દૃષ્ટિએ સ્વીકારી શકતી નથી. જોકે તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે મારી સરકાર બધા કાનૂની વિકલ્પોને અજમાવ્યા બાદ સર્વોચ્ચ અદાલતના ચુકાદાનું પાલન કરીશ.

તેમણે કહ્યું હતું કે બધા કાનૂની વિકલ્પોને તપાસ્યા બાદ હું ચુકાદાને અમલમાં મૂકીશ.

મમતાએ કહ્યું હતું કે રાજ્યના ભૂતપૂર્વ શિક્ષણપ્રધાન પાર્થ ચેટરજી હજી જેલમાં છે.

તેમણે સવાલ કર્યો હતો કે વ્યાપમ કેસમાં ભાજપના કેટલા નેતાઓની ધરપકડ થઈ હતી. શું ભાજપ પશ્ચિમ બંગાળની શિક્ષણ પદ્ધતીને ખોરવી નાખવા માગે છે.

મમતાએ કહ્યું હતું કે હું જે લોકોને રોજગાર ગુમાવ્યો છે તેમને મળીશ. હું એ શિક્ષકોને આશા ન છોડવાનું કહીશ. (એજન્સી)

